ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા ખોડીયાર માતાજી મંદિર સે-૫-સી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● આજે સે-૬-એ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહના ચોથા દિવસે કૃષ્ણ જન્મ કથાનું આયોજન કરવામાં આવેલ છે.

# શિક્ષણ વિભાગનો સચિવાલય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં વિજય

## માર્ગ અને મકાન વિભાગને ફાઈનલમાં પરાજય આપ્યો : સંદીપ થાપા મેન ઓફ ધ સિરીઝ, નિતેશ પારેખ મેન ઓફ ધ મેચ જાહેર

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૨૧માં જીમખાના ક્રિકેટ ગ્રાઉન્ડ પર સચિવાલય કલ્યાણ સમિતિ આયોજિત આંતર વિભાગીય ટૂર્નામેન્ટની આજે ફાઈનલ મેચ રમાઈ હતી. આ મેચમાં શિક્ષણ વિભાગની ટીમે માર્ગ અને મકાન વિભાગની ટીમને હરાવી વિજેતા પદ હાંસલ કર્યું હતું. મેચમાં નિતેષ પારેખ મેન ઓફ ધ મેચ બન્યા હતા જયારે સંદીપ થાપાને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયા હતા.

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ ૩૦ ઓવરની રમાઈ હતી. મેચમાં માર્ગ અને મકાન વિભાગની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૧૬૩ રનનો સ્કોર કર્યો હતો જેના જવાબમાં શિક્ષણ વિભાગ તરફથી સંદીપ થાપા અને ઓલ રાઉન્ડર નિતેશ પારેખની ઉત્કૃષ્ઠ બેટીંગના સહારે જવલંત વિજય હાંસલ કર્યો હતો. શિક્ષણ વિભાગ તરફથી સંદીપ થાપાએ ૪૯ રન, નિતેશ પારેખે ૪૨ રન, મહિપતસિંહ ડોડિયાએ ૨૧ રન તથા કેપ્ટન કનુ પટેલે ૧૫ રન ફટકાર્યા હતા. અગાઉ માર્ગ અને મકાનની બેટીંગને ધરાશાયી કરવામાં નિતેશ પારેખે ૩ વિકેટ, કનુ પટેલે ૨ વિકેટ તથા મહિપતસિંહ ડોડિયાએ ૧ વિકેટ ઝડપી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ સંદીપ થાપાને 'મેન ઓફ ધ સિરીઝ' તથા ફાઈનલ મેચમાં ઓલ રાઉન્ડ દેખાવ બદલ નિતેશ પારેખને 'મેન ઓફ ધ મેચ'નો ખિતાબ અર્પણ કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ઠ બોલીંગ પ્રદર્શન માટે નિતેશ પારેખને બેસ્ટ બોલર તરીકે પણ નવાજવામાં આવ્યા હતા.



## વાતવાતમાં

● વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા વિદેશ પ્રવાસે જવા રવાના થયા છે તેમની ગેરહાજરીમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર હાલ કાર્યકારી અધ્યક્ષ તરીકેની ભૂમિકા નિભાવી રહ્યા છે.

● જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ મંગળવારે અચાનક વિવિધ કચેરીઓની આકસ્મિક મુલાકાતો લેતા કર્મચારીઓ અચંબામાં મુકાયા હતા. તેમણે બપોરે સે-૧૫ ખાતે આત્માની ઓફિસ ત્યારબાદ વોટરશેડની ઓફિસ વગેરે મુલાકાત લઈ કર્મચારીઓની મીટીંગ યોજી હતી.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ સંકુલમાં અસામાજિક તત્વોની હેરાનગતિ વધતી જાય છે પરંતુ તંત્ર જાણે ઘોર નિંદ્રામાં ઘોરી રહ્યું છે. સિવિલ હોસ્પિટલ સંકુલમાં નવનિર્મિત જનરિક દવાના સ્ટોર્સ પાસેથી દવા ખરીદવા આવેલા એક સિનિયર સિટિઝન વયોવૃધ્ધ વડીલનું પાકીટ ચોરાઈ જતા તેઓ કફોડી હાલતમાં મુકાયા હતા.

● નોટબંધીના પગલે હજુ પણ શહેરની બેંકોમાં ધમાસણ ચાલુ જ છે. વિધાનસભા પાસેની સ્ટેટબેંકની મુખ્ય કચેરીએ એક ખાતેદારને રૂ. ૧ હજાર ઉપાડવા હતા પરંતુ બેંકમાં છુટ્ટાની તંગી હોવાથી ૨ હજારની નોટ જ આપીશું એટલે તમે ૨ હજાર ઉપાડો તેવી કડક સૂચના આપવા છતાં ખાતેદાર ટસનો મસ ના થતા અંતે બેંકે તેને ૧ હજાર રૂપિયા ચુકવવા પડયા હતા.

## વીસનગરા નાગર સમાજની ૧૮મીએ કારોબારી બેઠક

ગાંધીનગર, તા.૧૩

વીસનગરા નાગર પરિવાર ગાંધીનગરની કારોબારી સમિતિની મહત્ત્વની બેઠક ૧૮-૧૨-૨૦૧૬ને રવિવારે સાંજે ૫.૦૦ કલાકે નર્મદેશ્વર મહાદેવ એસ.ટી.સી.ની બાજુમાં સેકટર-૧૭ ખાતે રાખેલ છે. જેમાં સ્નેહ સંમેલનના આયોજન અંગે ચર્ચા કરાશે. એમ સંસ્થાના મંત્રી મહેશભાઈ રાવલે અખબારી યાદીમાં જણાવેલ છે.

## સે-૭-ની ઝાડીઓમાંથી બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૭ ખાતે સ્થિત અરીહંત ગાર્મેન્ટસ શો રૂમની સામે આવેલી ઝાડીઓમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આશરે ૪૦ વર્ષીય બિનવારસી યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતક યુવાનની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ફિઝિયોથેરેપી કોલેજ ખાતે પ્લેસમેન્ટ એકિટવીટી સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા પ્લેસમેન્ટ એકિટવીટી પ્રોગ્રામ અંતર્ગત એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં અમદાવાદના સુવિખ્યાત ફિઝિયોથેરેપિસ્ટ ડૉ. હિરેન પટેલ મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.



સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી ખાતે યોજાયેલ સેમિનાર ફિઝિયોથેરેપી ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે જરૂરિયાત તેમજ ફિઝિયોથેરેપીના ભાવિ વિષયે યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં મુખ્ય વકતા ડૉ. હિરેન પટેલે પોતાની કારકીર્દીના અનુભવો કોલેજના વિદ્યાર્થીઓ તથા કર્મચારીગણ સાથે વહેંચ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને તેમના કૌશલ્યને નિખારવા તથા આ ક્ષેત્રે જ્ઞાન વધારવા માર્ગદર્શન કર્યું હતું. સેમિનારના પ્રારંભમાં ડૉ. પાર્થ ત્રિવેદીએ વકતાનો પરિચય આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. હિરેન પટેલ સ્પોર્ટસ ફિઝિયોથેરેપિસ્ટ તરીકે સુવિખ્યાત છે અને તેઓ કોમનવેલ્થ ગેમ્સ, લંડન ઓલિમ્પિક કવોલીફાઈંગ, એશિયન ગેમ્સ તથા એશિયન સ્વીમીંગ ચેમ્પિનયશીપ વગેરેમાં સેવાઓ આપી ચુકયા છે. આ ઉપરાંત તેઓ ફુટબોલ, ક્રિકેટ, ટેનિસ ગોલ્ફ તથા બેડમિન્ટન જેવી રમતો સાથે પણ સંકળાયેલા છે. ડૉ. હિરેન પટેલને સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપીના પ્રિન્સિપાલ ડૉ. કે. વૈદ્દિયઆનંદે સ્મૃતિચિહ્ન આપી સત્કાર્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. ટીના ચૌહાણે આભારદર્શન વ્યકત કર્યું હતું.

# રાજયમાં શિક્ષકોની ભરતી માટે એકાદ સપ્તાહમાં આખરી નિર્ણય લેવાશે

## ટૂંક જ સમયમાં શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને મહત્વપૂર્ણ બેઠક મળશે જેમાં ભરતીની જાહેરાત માટે નિર્ણય લેવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

રાજયમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટે શિક્ષણ વિભાગે આગામી સપ્તાહમાં મહત્વપૂર્ણ બેઠક જીસીઆરટી ખાતે શિક્ષણમંત્રીની આગેવાનીમાં મળશે. જેમાં શિક્ષકો માટેની ટેટ, ટાટ અને એચ ટાટા વગેરેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર છેલ્લા ઘણા સમયથી રાજયમાં શિક્ષણ વિભાગમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા લટકી રહી છે. વારંવાર શિક્ષકોની ભરતી કોઈને કોઈ કારણોસર અટકી જવા પામી છે. જેથી સરકારી શાળાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મોટા પાયે શિક્ષકોની ઘટ સ્પષ્ટ દેખાય છે જયારે શિક્ષકોની નિવૃત્તિ પ્રક્રિયા સતત ચાલુ છે. પરિણામે શાળામાં બાળકોનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે.

શિક્ષણ વિભાગમાં શિક્ષકોની ભરતી માટેની ફાઈલો છેલ્લા બે વર્ષથી જે તે ટેબલો પર પડી રહી છે. ગત જૂન માસમાં થનાર ટેટ, ટાટ અને એચ ટાટની જાહેરાત હજુ સુધી થઈ નથી તેથી બીએડ કરીને બેસી રહેલા વિદ્યાર્થીઓ પણ નિરાશ થઈ ગયા છે ત્યારે વિવાદો વચ્ચે હવે શિક્ષકોની ભરતી પ્રક્રિયાની દિશામાં શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને શિક્ષણ વિભાગની બેઠક આગામી સપ્તાહમાં જીસીઆરટી ખાતે મળશે. જેમાં ટેટ, ટાટ અને એચ ટાટની ભરતી માટે ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે અને બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય લઈ શિક્ષકોની ભરતી પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવશે તેવા આદેશો પણ ઉચ્ચકક્ષાએથી વિભાગને કરવામાં આવશે. ટૂંક જ સમયમાં શિક્ષકોની ભરતી માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ માહિતી આપી હતી.

# જાગૃત નાગરીક પરિષદ દ્વારા સેકટરોમાં પોસ્ટ ઓફિસના મકાનો બાંધવા રજુઆત કરાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરીક પરિષદની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં નાગરીકોને સ્પર્શતા મહત્વના મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે તે સમયે સરકાર દ્વારા શહેરના નિર્માણ સમયે દરેક સેકટરમાં પોસ્ટ ઓફિસ બનાવવા માટે વિભાગને પ્લોટ ફાળવવામાં આવ્યા છે. છતા પણ પોસ્ટલ વિભાગ દ્વારા નગરના કેટલાક સેકટરોમાં પોસ્ટ ઓફિસ બનાવાઈ નથી. શહેર જાગૃત નાગરીક પરિષદ દ્વારા નવિન પોસ્ટ ઓફિસ બનાવવા પોસ્ટલ વિભાગને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે દરેક સેકટરમાં રહેતા નાગરીકને જીવન જરુરી ચીજવસ્તુઓ ખરીદવા માટે બહાર ન જવુ પડે તે માટે શોંપિગ સેન્ટર તેમજ બાળકોને રમવા માટે ગાર્ડન, બાળકોના અભ્યાસ માટે શાળા, નાગરીકોની સલામતી માટે પોલિસ ચોકી, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે રંગમંચ સહિતની પોસ્ટ ઓફિસની સુવિધા પણ તંત્ર દ્વારા ઉભી કરવાની હતી. પરંતુ મોટાભાગની સુવિધા સેકટર્સમાં ઉભી કરાઈ છે. શહેર નિર્માણને પાંચ દાયકાનો સમય વિતી ગયો છતાં પણ પોસ્ટ ઓફિસની સુવિધા ઉભી કરવામાં પોસ્ટ વિભાગ વામણું પુરવાર થયું છે. સેકટરોમાં ખાલી પડેલા તંત્રના પ્લોટ તેનો જીવતો જાગતો પુરાવો છે. પોસ્ટની સર્વિસ સેવા નવા સેકટરમાં તો જોઈએ તેવી મળતી નથી ત્યારે નવા ગાંધીનગરમાં વસવાટ કરતા હજ્જારો નાગરીકો વસવાટ કરી રહ્યા છે. વર્તમાન સરકારે પોસ્ટ ઓફિસોને બેંકો તરીકે વિકસાવવા સાથે કોમર્શીયલ સેવાઓ આપવાનું નક્કી કર્યું છે. ગાંધીનગરમાં પોસ્ટ ઓફિસને વિશેષ બિઝનેસ મળી રહે તે નક્કી વાત છે. ન્યું શહેરી વિસ્તારમાં પોસ્ટલ કચેરી બનાવવા આવે તો ન્યું ગાંધીનગરની જનતાને પણ ચોક્કસ લાભ મળી શકે છે ત્યારે જાગૃત નાગરીક પરિષદના સૌ હોદેદારોએ પોસ્ટ વિભાગને લેખિત રજુઆત કરીને ન્યું ગાંધીનગર વિસ્તારમાં તેમજ બાકી રહેલા સેકટરોમાં પોસ્ટ ઓફિસ નિર્માણ થાય તેવી માંગ કરી છે.

# બીએસએફમાં ફલેગ ચઢાવવા જતા કરંટ લાગવાથી જવાનનું મૃત્યુ

## ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની ઊંડી તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા બોર્ડર સીકયુરીટી ફોર્સ (બીએસએફ) હેડ કવાર્ટર સંકુલમાં આજે સવારના અરસામાં એક જવાનને વિજ કરંટ લાગતા તેનું મૃત્યુ નિપજયું હતું. ફલેગ ચઢાવવા જતા કોઈ કારણોસર કરંટ લાગતા જવાનનું મૃત્યુ થયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

બીએસએફ કેમ્પમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મુળ કર્ણાટકના અને હાલ બીએસએફ કેમ્પમાં રહેતા ૨૯ વર્ષીય જવાન સુબ્રમણ્યમ પાલાની સ્વામી આજે સવારના અરસામાં બીએસએફ કેમ્પમાં ફલેગ ચઢાવી રહ્યો હતો દરમિયાન કોઈ કારણોસર વિજ કરંટ લાગતા જવાન ઝટકા સાથે ફેંકાઈ ગયો હતો. ગંભીર હાલતમાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જો કે કરંટ લાગવાથી જવાનનું મૃત્યુ થઈ ચુકયું હતું. તબીબે જવાનને મૃત જાહેર કરતાં ચિલોડા પોલીસ મથકના જમાદાર મોહનભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



## ચિલોડા સર્કલ ઉપર કારનો ઠેકડો

ગાંધીનગર તરફથી સોમવાર મોડી રાત્રે કડકડતી ઠંડીમાં રાજસ્થાન પાસીંગની એક કાર ચિલોડા સર્કલમાં ધડાકાભેર ઘુસી જતાં લોકોને કુતુહલ થયું હતું. આર.જે. ૨૭ સીબી ૩૩૬૫ નંબરની સ્વીફટ કારના ચાલકને કદાચ ઝોકું આવી ગયું હોય અને ગાંધીનગરથી ચિલોડા વળાંક લેવાના બદલે સીધી જ સર્કલ ઉપર ચડી ગઈ હતી. ભાગ્યવસાત કોઈ જ જાનહાની થઈ નહતી જો કે આવું બનવું ખુબ જ અઘરું હોવાનું ઘટના ઉપરથી લાગી રહ્યું હોવાથી લોકો પણ કુતુહલવશ આ અકસ્માતને નિહાળી રહ્યા હતા. ચિલોડા સર્કલે અંધારપટ્ટ પણ તેટલો જ જવાબદાર હોવાનું પણ ચર્ચાઈ રહ્યું હતું.

# આજે રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ

## ઊર્જા સંરક્ષણ દિને વિજળીના વિવેકપૂર્ણ ઉપયોગનો સંકલ્પ કરીએ : ઊર્જાના ઉત્પાદનમાં અન્ય કુદરતી સ્ત્રોતોનો ભોગ આપવો પડે છે : ઊર્જા સંરક્ષણ જાગૃતિ માટે જેડા દ્વારા ચિત્ર સ્પર્ધા, વકતવ્યો, રેલી વગેરેના આયોજન કરાય છે

ગાંધીનગર, તા.૧૩

ઊર્જા એ માનવજીવનનું અભિન્ન અંગ છે. માનવીની ભૌતિક સમૃધ્ધિની અવિરત યાત્રામાં ઊર્જા એક આવશ્યક ઘટક તરીકે સાથ નિભાવી રહી છે. ઊર્જા એ પ્રાકૃતિક સ્ત્રોત છે અને અન્ય પ્રાકૃતિક સ્ત્રોતોની જેમ જ ઊર્જાનો પણ માનવી બેફામ વપરાશ અને બગાડ કરી રહ્યો હોઈ આજે વિશ્વ ધીમે ધીમે ઊર્જા સંકટ તરફ ધકેલાતું જઈ રહ્યું છે. સમગ્ર દેશ જયારે તા. ૧૪મી નવેમ્બરે રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ ઉજવશે ત્યારે ઊર્જાના વિવેકપૂર્ણ વપરાશ માટે જાગૃત થવાનો સમય પાકી ગયો છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૧માં બ્યુરો ઓફ એનર્જી એફિસિયન્સી-બીઈઈની સ્થાપના કરવામાં આવી છે. બીઈઈ સંસ્થા ભારતમાં એનર્જી કન્ઝર્વેશન એકટ અંતર્ગત વિકાસની ગતિમાં ઊર્જાના બેફામ વપરાશને કેવી રીતે ઓછો કરવો તે અંગે પોલીસીનું ઘડતર કરવામાં મદદરૂપ થવાનું કામ કરે છે તેમજ ઊર્જા સંરક્ષણ માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરે છે. બીપી સ્ટેટિકલ રિવ્યુ ઓફ વર્લ્ડ એનર્જી ૨૦૧૦માં જણાવ્યા અનુસાર કુદરતી પેટ્રોલિયમ ૪૫ વર્ષ સુધી, કુદરતી ગેસ ૬૫ વર્ષ સુધી અને ખનિજ કોલસો ૨૦૦ વર્ષ સુધી જ ચાલે તેટલો જ સ્ત્રોત છે. હવે જે રીતે વિશ્વમાં વિજળીની માંગમાં ઉત્તરોઉત્તર વધારો થઈ રહ્યો છે તેમજ વિજળીનું ઉત્પાદન કરવામાં ખનિજ કોલસો, ગેસ વગેરેનો જ વધુ ઉપયોગ થાય છે ત્યારે આવનારી ઊર્જાની ગંભીર કટોકટીમાંથી બચવા ઊર્જાનું યોગ્ય વ્યવસ્થાપન અને સંરક્ષણ અત્યંત જરૂરી છે. ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી કરી પ્રજામાં ઊર્જાની બચત કરવાનો સંદેશો પહોંચાડવો, તે માટે ચર્ચાસભા, કોન્ફરન્સ, ડિબેટ, વર્કશોપ તથા વિવિધ સ્પર્ધાઓ યોજવી, ઊર્જા સંરક્ષણ કેવી રીતે કરાય તેનું માર્ગદર્શન પુરું પાડવું, રોજીંદા વપરાશમાં કાર્યદક્ષ સાધનોનો ઉપયોગ વધારવો વગેરે કાર્યો હાથ ધરવામાં આવે છે. ઊર્જા માનવી જેટલી પેદા કરે છે તેનાથી વધુ વાપરે છે, વળી. તે માટે એવા સ્ત્રોતો પર નિર્ભર રહેવું પડે છે જેને બનતા લાખો વર્ષ લાગે છે જેમ કે ખનિજ કોલસો, ઓઈલ અને ગેસ.



ઊર્જાના સ્ત્રોતો મર્યાદિત છે. દુનિયાના કુલ કુદરતી સ્ત્રોતોમાંથી ભારત પાસે માત્ર ૧ ટકા જ જયારે વિશ્વના કુલ વપરાશનો ૧૬ ટકા જેટલો વપરાશ આપણે કરીએ છીએ.

શાળાઓમાં વિદ્યાર્થીઓને ઉર્જા સંરક્ષણનું મહત્વ સમજાવી મહત્વની ભૂમિક અદા કરવી શકય છે. બીઈઈ દ્વારા જિલ્લાથી લઈ રાષ્ટ્રીય સ્તર સુધીની 'ઊર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરાય છે. જેમાં જિલ્લા સ્તરે રૂ. ૧ હજરથી લઈને રૂ. ૩૦ હજાર સુધીના ઈનામો વિજેતાને આપવામાં આવે છે. પીસીઆર એ દ્વારા પેટ્રોલિયમની બચત અંગે જાગૃતિ કેળવવા આ સંસ્થાના ઉપક્રમે શાળાઓમાં ઊર્જા કવીઝ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન વગેરે રજુ કરાય છે અને વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાય છે. ગુજરાત સરકારની ઊર્જા વિકાસ એજન્સી-જેડા બાળ ઊર્જા રક્ષકદળ કાર્યક્રમ ચલાવાય છે. જેડાના ઉપક્રમે તા. ૧૪મી ડિસેમ્બરે દરેક જિલ્લામાં ચિત્ર સ્પર્ધા યોજાશે જેમાં પ્રથમ વિજેતાને રૂ. ૫ હજાર, દ્વિતિયને ૩ હજાર તથા તૃતીયને ૧ હજારનું રોકડ ઈનામ આપવામાં આવશે. શાળા કક્ષાએ પણ વકતવ્યો, ફિલ્મ શૉ, પ્રદર્શન, ચર્ચાસભા, વકતૃત્વ સભા તથા નાની રેલીનું આયોજન કરવામાં આવતું હોય છે. જેનાથી ભાવિ પેઢી ઉર્જા સંરક્ષણ પ્રત્યે જાગૃત બની રહી છે.

# બાઈક સ્લીપ થઈ જતાં ઘવાયેલા ઉનાવાના યુવાનનું મૃત્યુ

## એક અઠવાડીયાથી ઈજાગ્રસ્ત યુવાન હોસ્પિટલાઈઝડ હતો : ઉનાવા-પીંપળજ રોડ પર બાઈક સ્લીપ થયું હતું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક ઉનાવાથી પીંપળજ જતા માર્ગ પર એક અઠવાડીયા પહેલા બાઈક સ્લીપ થઈ જતા બાઈક ચાલક ઉનાવાનો યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અઠવાડીયાથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા ઉનાવાના બાઈક ચાલક યુવાનનું આજે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઉનાવા ગામના તરપોજવાસમાં રહેતો ૨૨ વર્ષીય યુવાન મનુજી પ્રતાપજી ઠાકોર અઠવાડીયા પહેલા છઠ્ઠી ડિસેમ્બરે ૧૧ વાગ્યાના અરસામાં તેનું બાઈક નં. જીજે ૧ ડી કયુ ૩૧૬૭ લઈને ઉનાવાથી પીંપળજ જતા માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન અચાનક કોઈ કારણોસર બાઈક સ્લીપ થઈ જતા મનુજી ગંભીર રીતે ઘાયલ થયો હતો. માથાના ભાગે થયેલી ગંભીર ઈજાને કારણે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. એક અઠવાડીયાથી હોસ્પિટલાઈઝડ મનુજીનું આજે સવારે સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી મૃતકના ભાઈ પ્રહલાદજીની ફરિયાદ લઈ વધુ તપાસ આરંભી છે.

## ચિરવિદાય

● સ્વ. શાંતિલાલ મોહનલાલ સાપરીયા, ઉ.વ. ૬૬